"વૃક્ષારોપણ કાર્યક્રમ" નો વિસ્તૃત અહેવાલ (તારીખ 06 ઓગસ્ટ 2026)

શ્રીમતી એ. વી. ડી. એસ. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, જામજોધપુરના NSS વિભાગ દ્વારા તારીખ 06 ઓગસ્ટ 2026 ના રોજ કેમ્પસ પરિસરમાં "વૃક્ષારોપણ કાર્યક્રમ" (Tree Plantation Program) નું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય પર્યાવરણની સુરક્ષા, હરિયાળી વધારવી અને વિદ્યાર્થીઓમાં સામાજિક જવાબદારીની ભાવના કેળવવાનો હતો.

કાર્યક્રમનો પ્રારંભ કૉલેજના આચાર્ય શ્રી ડૉ. અલ્કેશ વાછાણી સર, કોલેજ ટ્રષ્ટી શ્રી રમેશભાઈ કાલરીયા અને NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. અનિલ હોથી સર ની ઉપસ્થિતિમાં છોડ વાવીને કરવામાં આવ્યો હતો. આ કર્યક્રમમાં NSS ના સ્વયંસેવકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓએ કૉલેજ પરિસરમાં વિવિધ છાંયડા આપતા અને ઔષધીય છોડ વાવ્યા હતા તેમજ તેમને પાણી પાયું હતું, સાથે સાથે તેઓએ વૃક્ષો ના ઉછેર અને જતન પ્રત્યે કટિબદ્ધ થયા હતા. અંતે કોલેજ પ્રિન્સિપાલ અને ટ્રષ્ટી શ્રી રમેશભાઈ કાલરીયાએ આ કામગીરીને બિરદાવી હતી. સમગ્ર કાર્યક્રમ નું સુચારુ વ્યવસ્થાપન NSS પ્રોગ્રામ ઓફિસર ડૉ. અનિલ હોથી સર દ્વારા કરવામાં આવ્યું હતું.

Detailed Report of "Tree Plantation Program" (Date 06 August 2026)

The NSS Department of Smt. A. V. D. S. Arts and Commerce College, Jamjodhpur successfully organized "Tree Plantation Program" on 06 August 2026 in the campus premises. The main objective of this program was to protect the environment, increase greenery and inculcate a sense of social responsibility among the students.

The program was inaugurated by planting saplings in the presence of the Principal of the college, Shri Dr. Alkesh Vachani Sir, College Trustee Shri Rameshbhai Kalaria and NSS Program Officer Dr. Anil Hothi Sir. NSS volunteers participated enthusiastically in this program. The students planted various shade and medicinal plants in the college premises and watered them, along with this they committed themselves to the cultivation and preservation of trees. Finally, the college principal and trustee Shri Rameshbhai Kalaria appreciated this work. The entire program was smoothly managed by NSS Program Officer Dr. Anil Hothi Sir.

॥ ज्ञान दीपेन भास्वता ॥

Shri Sarvodaya Kelavani Mandal Sanchalit

Smt. Amrutben Valjibhai damjibhai Savjani

Arts & Commerce College

"A Destination Of Holistic Devlopment"

Gingani Road, **Jamjodhpur**-360530 (Dist. Jamnagar) GUJARAT

"B" Grade-Accredited by NAAC

Office : 220139 (R). 220206

Photos of Tree Plantation









News and Press Release of Tree Plantation

એ.વી.ડી.એસ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી

અબતક, ભરત ગોહિલ, જામજોધપુર

દેશમાં રાષ્ટ્રીય ભાવના અને દેશભક્તિના પ્રસાર માટે 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત તારીખ ૧૨/૦૮/૨૦૨૬ ના રોજ એ. વી. ડી. એસ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જામજોધપુર ના એન.એસ.એસ. વિભાગ દ્વારા ઉત્સાહભેર તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.



કોલેજના ટ્રસ્ટના પ્રમુખ રમેશભાઈ કાલરીયા દ્વારા આજ્ઞા આપીને રેલીનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો. કોલેજના આચાર્ય ડો. અલ્કેશ વાછાણીના અધ્યક્ષ સ્થાને આ સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં કોલેજનો શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફ, એન.એસ.એસ. વિભાગના સ્વયંસેવકો તેમજ કોલેજમાં અભ્યાસ કરતા મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ-બહેનો ઉત્સાહભેર જોડાયા હતા.

આ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોમાં રાષ્ટ્રધ્વજ પ્રત્યે આદરભાવ જગાડવાનો અને "હર ઘર તિરંગા" અભિયાન વિશે જાગૃતિ ફેલાવવાનો હતો, જે સૌના સહયોગથી અત્યંત સફળ રહ્યો હતો. રેલીના અંતે રાષ્ટ્રગીત ગાઈને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડો. અનિલ હોથી દ્વારા રેલીનું સચોટ અને સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.

એ.વી.ડી.એસ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ દ્વારા જામજોધપુરમાં વિકાસ સપ્તાહ અને સ્વચ્છતા પખવાડિયાની ભવ્ય ઉજવણી કરવામાં આવી..



જામનગર તા.૨૧

વિકાસ સપ્તાહ અને સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત પર્યાવરણ સરક્ષણ ને અનુસંધાને તારીખ ૦૭/૦૮/૨૦૨૬ ના રોજ યુશ્વારોપણનુ કેમ્પસમાં આયોજન કરવામાં આવેલું હતું તથા સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતતા કેળવાય એ હેતુથી ટી.બી. જાગૃતતાના પ્રોગ્રામનું પણ આયોજન કરવામાં આવેલું હતું તથા તા.૧૦/૦૮/૨૦૨૬ ના રોજ સ્વચ્છતા હી સેવા ના ઉદ્દેશ્યને સાર્થક કરવાના હેતુથી કેમ્પસને પ્લાસ્ટિક મુક્ત બનાવવામાં આવેલું હતું સાથે સાથે તા. ૧૪/૦૮/૨૦૨૬ ના રોજ "હર ઘર તિરંગા યાત્રા" નું પણ આયોજન કરવામાં આવેલું હતું અને તા. ૧૪/૦૮/૨૦૨૬ ના રોજ વિવિધ સ્પર્ધાઓ જેવીકે રંગોળી, ચિત્ર, કોલાજ, કાર્ટુનિંગ, મહેંદી જેવી વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલું હતું

દેશમાં રાષ્ટ્રીય ભાવના અને દેશભક્તિના પ્રસાર માટે "હર ઘર તિરંગા" અભિયાન અંતર્ગત તારીખ ૧૪/૦૮/૨૦૨૬ ના રોજ એ. વી. ડી. એસ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જામજોધપુર ના એન.એસ.એસ. વિભાગ દ્વારા ઉત્સાહભેર તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોલેજના ટ્રસ્ટના પ્રમુખશ્રી રમેશભાઈ કાલરીયા દ્વારા આજ્ઞા આપીને રેલીનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો. કોલેજના આચાર્યશ્રી ડો. અલ્કેશ વાછાણી સાહેબના અધ્યક્ષસ્થાન સ્થાને આ સમગ્ર આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં કોલેજનો શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફ, એન.એસ.એસ. વિભાગના સ્વયંસેવકો તેમજ કોલેજમાં અભ્યાસ કરતા મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ-બહેનો ઉત્સાહભેર જોડાયા હતા.

વિદ્યાર્થીઓ દ્વારા હાથમાં રાષ્ટ્રધ્વજ તિરંગો લઈને 'વંદે માતરમ્' અને 'ભારત માતા કી જય' ના નારાઓ સાથે સમગ્ર જામજોધપુર શહેરનું વાતાવરણ દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું.

આ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોમાં રાષ્ટ્રધ્વજ પ્રત્યે આદરભાવ જગાડવાનો અને 'હર ઘર તિરંગા' અભિયાન વિશે જાગૃતિ ફેલાવવાનો હતો, જે રેલીના સહયોગથી અત્યંત સફળ રહ્યો હતો. રેલીના અંતે રાષ્ટ્રગીત ગાઈને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડો. અનિલ હોથી દ્વારા રેલીનું સચોટ અને સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.



એ.વી.ડી.એસ.કોલેજ,જામજોધપુર દ્વારા વિકાસ સપ્તાહ અને સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી



(જુલ ચાત દ્વારા) જામજોધપુર, તા.૨૧: વિકાસ સપ્તાહ અને સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત પર્યાવરણ સંરક્ષણ ને અનુસંધાન વૃક્ષારોપણનુ કેમ્પસમાં તથા સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતતા કેળવાય એ હેતુથી ટી.બી. જાગૃતતાના પ્રોગ્રામનું સ્વચ્છતા હી સેવા ના ઉદ્દેશ્યને સાર્થક કરવાના હેતુથી કેમ્પસને પ્લાસ્ટિક મુક્ત બનાવવામાં આવેલું હતું સાથે સાથે "હર ઘર તિરંગા યાત્રા" નું પણ આયોજન અને વિવિધ સ્પર્ધાઓ જેવીકે રંગોળી, ચિત્ર, કોલાજ, કાર્ટુનિંગ, મહેંદી જેવી વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલું હતું

દેશમાં રાષ્ટ્રીય ભાવના અને દેશભક્તિના પ્રસાર માટે "હર ઘર તિરંગા" અભિયાન અંતર્ગત એ. વી. ડી. એસ. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, જામજોધપુર ના એન.એસ.એસ.(NSS)વિભાગ દ્વારા તિરંગા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના ટ્રસ્ટના પ્રમુખશ્રી રમેશભાઈ વાછાણીના અધ્યક્ષ સ્થાને આ સમગ્ર હોથી દ્વારા રેલીનું સચોટ અને સફળ કાલરીયા દ્વારા શુભારંભ કરાવવામાં આવ્યો આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં સંચાલન કરવામાં આવ્યું હતું. (૩.૮)

કોલેજનો શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફ, એન.એસ.એસ. વિભાગના સ્વયંસેવકો તેમજ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ભાઈ-બહેનો ઉત્સાહભેર જોડાયા હતા. વિદ્યાર્થીઓ દ્વારા હાથમાં રાષ્ટ્રધ્વજ તિરંગો લઈને "વંદે માતરમ્" અને "ભારત માતા કી જય" ના નારાઓ સાથે સમગ્ર જામજોધપુર શહેરનું વાતાવરણ દેશભક્તિના રંગે રંગાઈ ગયું હતું.

આ રેલીનો મુખ્ય ઉદ્દેશ્ય નાગરિકોમાં રાષ્ટ્રધ્વજ પ્રત્યે આદરભાવ જગાડવાનો અને "હર ઘર તિરંગા" અભિયાન વિશે જાગૃતિ ફેલાવવાનો હતો, જે રેલીના સહયોગથી અત્યંત સફળ રહ્યો હતો. રેલીના અંતે રાષ્ટ્રગીત ગાઈને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી. એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડો. અનિલ હોથી દ્વારા રેલીનું સચોટ અને સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.